ધોરણ : ૯

સમાજિક વિજ્ઞાન

પ્રકરણ : 8 ભારતના રાજ્યબંધારણનું ઘડતર અને લક્ષણો

- **બંધારણનો અર્થ:**

  "કોઈ પણ દેશનું શાસન ચલાવવા માટે ઘડવામાં આવેલા નિયમોના વ્યવસ્થિત સંગ્રહ ને બંધારણ કહેવાય."

- **બંધારણનું મહત્ત્વ :**
  - પયાનો અને મહત્ત્વનો દસ્તાવેજ
  - જોગવાઈ ના આધારે કાયદા ઘડતર
  - બંધારણ કાયદાઓથી સર્વોપરી
  - બંધારણ જીવંત અને મૂળભૂત દસ્તાવેજ
- **બંધારણ ઘડતરની પ્રક્રિયા :**
  - 25મી માર્ચ 1946 બંધારણ- સભાની રચના
  - બંધારણ સભામાં 389 સભ્ય હતા.
  - બધા વર્ગોને પ્રતિનિધિત્ત્વ આપવામાં આવ્યું
  - બંધારણ સભાનાં અધ્યક્ષ - ડૉ.રાજેન્દ્ર પ્રસાદ
  - ખરડા સમિતિના અધ્યક્ષ - ડૉ.ભીમરાવ આંબેડકર
  - મહિલા પ્રતિનિધિ – સરોજિની નાયડુ અને વિજ્યાલક્ષ્મી પંડિત
  - બંધારણમાં પ્રથમ 295 અનુચ્છેદો અને 8 પરિશિષ્ટો હતા. સુધારા સાથે 395 અનુચ્છેદો અને પરિશિષ્ટો થયાં.
  - બંધારણ સભાની કામગીરી 9મી ડિસેમ્બર 1946થી શરૂ થઇ
  - બંધારણ સભાએ 2 વર્ષ 11 માસ 18 દિવસમાં કુલ 166 બેઠકોમાં કામગીરી પૂર્ણ કરી.
  - જુદા જુદા દેશોનાં બંધારણનાં લક્ષણોનો અભ્યાસ કરી વિગતપૂર્ણ ચર્ચા વિચારણા કરી આખરી સ્વરૂપ આપ્યું
  - 26 નવેમ્બર 1949 ના રોજ બંધારણ સર્વાનુમતે પસાર થયું.
  - 26 મી જાન્યુઆરી 1950 થી ભારતમાં બંધારણ અમલમાં આવ્યું.
  - આપણે 26મી જાન્યુઆરીન પ્રજાસત્તક દિન તરીકે ઊજવીએ છીએ.
  - ભારતનાં બંધારણમાં રાષ્ટ્રચિહ્નો તરીકે 'ચાર સિંહોની મુખાકૃતિ ' અને રાષ્ટ્રસૂત્ર - 'સત્યમેવ જયતે'
  - ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું, વિસ્તૃત , અને વિશદ લેખિત દસ્તાવેંજ છે.
- **આમુખ અને તેનું મહત્ત્વ :**
  - ભારતનું બંધારણ આમુખથી શરૂ થાય છે.
  - આમુખમાં ભારતીય પ્રજાના મુખ્ય આદર્શો , ઉદ્દેશો, ભવ્ય ભવનાઓ રજુ કરવામાં આવી છે.
  - આમુખ બંધારણનો અર્ક છે - બંધારણને સમજવા હોકાયંત્રની ગરજ સારે છે - બંધારણને સમજવાની ગુરૂચાવી છે – બંધારણનો આત્મા છે.
  - આમુખ રાષ્ટ્રની એકતા અખંડિતતા અને નાગરિકો વચ્ચેની બંધુત્ત્વની ઉમદા ભાવનાઓનો અને આદર્શોનો પડઘો છે – ઉચ્ચ આદર્શો તથા ધ્યેયોનું પીઠબળ છે.

# ભારતનું સંવિધાન

**આમુખ**

અમે ભારતના લોકો, ભારતને
સાર્વભૌમ, સમાજવાદી
બિનસાંપ્રદાયિક, લોકશાહી,
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય **ન્યાય;**
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની **સ્વતંત્રતા**
દરજ્જા અને તકની **સમાનતા;**
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી **બંધુતા**
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
26 નવેમ્બર, 1949 (માગસર સુદ 7,
વિક્રમ સંવત બે હજાર છ)ના રોજ
આથી આ સંવિધાન અપનાવી,
તેને અધિનિયમિત કરી
અમને, પોતાની જાતને
અર્પિત કરીએ છીએ.

- **આમુખના આધાર સ્તંભો :**

  લોકશાહી – સમાજવાદી – બિનસાંપ્રદાયિકતા

  - **લોકશાહી :**
    - લોકશાહી (Democracy ) શબ્દ મૂળ ગ્રીક શબ્દ 'Demos ' (લોકો) અને Kratos (સત્તા) માંથી ઊતરી આવ્યો છે.
    - લોકશાહી એટલે લોકોનું ,લોકો વડે, અને લોકો માટે ચાલતું રાજ્ય.
    - લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓથી બનેલી સરકાર લોકમતના આધારે અને લોકહિતની દ્રષ્ટીએ રાજ્ય વહીવટ ચલાવે છે.
    - ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોને જવાબદાર હોવાથી લોકશાહી જવાબદાર રાજ્યતંત્ર કહેવાય.

  - **સમાજવાદી :**
    - ભારતમાં 1976 માં બંધારણનાં 42માં સુધારા દ્વારા આમુખમાં સમાજવાદી શબ્દ ઉમેરવામાં આવ્યો.
    - બંધારણમાં સમાજવાદી વિચારસરણીમાં પ્રજાનું સામાજિક કલ્યાણ સાધવાનો ને ગરીબ તવંગર વચ્ચેનાં ભેદોને નાબૂદ કરી તેમનું કલ્યાણ સાધવાનો પ્રયત્ન કરવા રાજ્યને માર્ગદર્શન આપ્યું છે.
    - આર્થિક સમાનતા સાધી 'કલ્યાણ રાજ' સ્થાપવાનો મૂળ ઉદ્દેશ છે.
    - ભારતીય બંધારણ એક સામાજિક દસ્તાવેજ છે.

  - **બિનસાંપ્રદાયિકતા :**
    - 1946ના 42માં બંધારણીય સુધારાથી આમુખમાં બિનસાંપ્રદાયિક શબ્દ ઉમેરવામાં આવ્યો છે.
    - બિનસાંપ્રદાયિક્તા (ધર્મ નિરપેક્ષ) એટલે બધાં ધર્મોને સમાન ગણવા , કોઈ પણ એક ધર્મ કે સંપ્રદાયને રાજકીય માન્યતા ના આપવી.
    - બિનસાંપ્રદાયિકતામાં સર્વધર્મ સમદ્રષ્ટી અને સર્વધર્મ સમભાવનો સિધ્ધાંત છે.

- **બંધારણનાં મૂળભૂત લક્ષણો :**

  **૧. લિખિત દસ્તાવેજ :**

  **૨. બંધારણનું કદ :**

  - ભારત્નું બંધારણ 22 ભાગોમાં વહેંચાયેલું 395 અનુચ્છેદો (આર્ટિકલ્સ) અને 8 પરિશિષ્ટો હતાં સુધારા વધારા કરતાં 461 અનુચ્છેદો અને 12 પરિશિષ્ટો થયાં.

  **૩.એક જ નાગરિક્ત્વ :**

  - અમેરિકા જેવા દેશોમાં દરેક વ્યક્તિ બેવડું નાગરિકત્વ ધરાવે છે.
  - ભારતીય વ્યક્તિ દેશ અને રાજ્યનું એકજ નાગરિકત્વ ધરાવે છે.

  **૪. મજબુત કેન્દ્રવાળુ સમવાયતંત્ર :**

  **૧. કેન્દ્ર (સંઘ) યાદી :**

  - 97 વિષયોનો સમાવેશ થાય છે.
  - સંરક્ષણ, વિએશી બાબતો , અણુંશસ્ત્ર, નાણું, વીમો,બેન્કિંગ, તાર ટપાલ, રેલવે જેવા ક્ષેત્રઓનો સમાવેશ થાય છે.

**૨. રાજ્ય યાદી :**

- 66 વિષયનો સમાવેશ થાય છે.
- કાયદો અને વ્યવસ્થા, શિક્ષણ , સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, કૃષિ,સિંચાઇ, આરોગ્ય, વેપાર વાણિજ્ય વિષયક સેવાઓનો સમાવેશ થાય છે.

**૩. સંયુક્ત યાદી :**

- 47 જેટલા વિષયોનો સમાવેશ થાય છે.
- દીવાની અને ફોજદારી બાબતો, લગ્ન છૂટાછેડા અને ભરોણપોષણ, શિક્ષણ આર્થિક આયોજન, વ્યાપારી સંઘોનો સમાવેશ થાય છે.

**શેષસત્તાઓ:** જે વિષયો માટે સત્તાની વહેંચણી ન થઇ હોય તેમનો સમાવેશ શેષસત્તમાં થાય છે.

**૫. કટોકટી વેળા એકતંત્રી વ્યવસ્થા :**

- સમગ્ર દેશમાં કે કોઇ રાજ્યમાં કેટલીક ચોક્કસ પરિસ્થિતિ સર્જાય ત્યારે કટોકટી જાહેર કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

૧.રાજકીય કટોકટી
૨.બંધારણીય કટોકટી
૩.નાણાંકીય કટોકટી

**૬. દ્વિગૃહી પ્રથા :**

- ભારતમાં સંસદીય પધ્ધતિની સરકાર છે. - લોકસભા-ઉપલું ગૃહ , રાજ્યસભા – નીચલું ગૃહ એમ બે ગૃહની બનેલી છે.

**૭. સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકીકૃત ન્યાયતંત્ર :**

- સમગ્ર દેશ માટે સળંગ, સ્વતંત્ર, નિષ્પક્ષ અને એકસૂત્રી ન્યાયતંત્રની સ્થાપના કરવામાં આવી છે.

**૮. બંધારણમાં સુધારો :**

- ભારતનું બંધારણ સુપરિવર્તનશીલ છે.

**૯. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર :**

- ભારતમાં 18 વર્ષ કે તેથી વધુ વયના તમામ નાગરિકોને કોઇ પણ ભેદભાવ વિના મત આપવાનો અધિકાર છે.

**૧૦.ધર્મ નિર્પેક્ષતા (બિન સાંપ્રદાયિકતા :**

- કોઇ પણ ધર્મ કે સંપ્રદાયને રાજ્કીય માન્યતા ના આપવી એટલે ધર્મ નિર્પેક્ષતા.
- ભારત્ના કોઇ પણ નાગરિકને ધર્મ પાલન, પ્રચાર, પ્રસારણ કરવાની સ્વતંત્રતા આપવામાં આવી છે.

**૧૧. અદાલતી સમીક્ષા :**

- અદાલતી સમીક્ષા બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે.
- સંસદની સર્વોપરિતાને અવગણ્યા વિના રાજ્ય વહીવટ અંગેની કોઇ પણ બાબતની અદાલતી સમીક્ષા કરવાના સિધ્ધાંતોનો બંધારણે સ્વીકાર કર્યો છે.
- ભારતની સંસદે કે રાજ્યોની વિધાનસભાઓએ ઘડેલા કાયદાઓ બહાર પાડેલા આદેશો,વટહુકમો, અદાલતી ચુકાદાઓ કે બંધારણીય સુધારાની અદાલતી સમીક્ષા કરવાની સત્તા સર્વોચ્ચ અદાલતને સોંપવામાં આવી છે.

**૧૨.મૂળભૂત હકો અને ફરજો :**

- નાગરિકોના મૂળભૂત હકો અને ફરજો બંધારણમાં સ્પસ્ટ પણે દર્શાવ્યા છે.

- રાજ્યનીતિ ઘડતરમાં અને રાજ્યશાસનમાં આ સિધ્ધાંતો માર્ગદર્શન આપે છે.

**૧૩. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો :**

- બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો સૂચવવામાં આવ્યા છે.

**૧૪. પછાત વર્ગો અને આદિજાતિઓ માટેની જોગવાઈઓ :**

- ભારતના બંધારણમાં પછાત વર્ગો તથા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓ ના ઉત્કર્ષ માટે જરૂરી ભલામણો કરવા માટે પંચની નિમાણૂંક કરવાની જોગવાઈઓ.
- પંચે ભલામણો અનુસાર ધારાસભાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એમજ સરકારી નોકરીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં પછત વર્ગોને તેમની વસ્તીના ધોરણે અનામત બેઠકો ફાળવવામાં આવી છે.
- પછાત જાતિઓમાં બાળકોને શિક્ષણ માટે ફી માફી શિષ્યવૃતિઓ અને અન્ય સવલતોનો લાભ હકારાત્મક ભેદભાવ નો કે રક્ષણાત્મક ભેદભાવની નીતિનો ખાસ પ્રબંધ બંધારણમાં આવ્યો છે.

## સ્વાધ્યાય

**• જોડકા જોડો.**

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| ૧. 26મી જાન્યુઆરી | ૧. યુ.એસ.એ. |
| ૨.બેવડું નાગરિકત્વ | ૨. સ્વાતંત્ર્ય દિન |
| ૩. સંસદનું નીચલું ગૃહ | ૩.લોકસભા |
| ૪. સંસદનું ઉપલું ગૃહ | ૪. પ્રજાસત્તાક દિન |
| ૫. રાજ્યસભા | |

**• એક-બે શબ્દોમાં જવાબ આપો.**

૧. ભારતના બંધારણસભાની રચના કોણે કરી ?
૨. ભાર્તનું રાષ્ટ્રીયસૂત્ર શું છે ?
૩. બંધારણનો આત્મા કોને કહ્યો છે?
૪. કયા દેશમાં દરેક વ્યક્તિ બેવડું નાગરિકત્વ ધરાવે છે ?

**• ખાલી જગ્યા પૂરો.**

૧. બંધારણના ખરડા સમિતિના અધ્યક્ષ________________ હતા.
૨. ભારતમાં સાર્વત્રિક________________ મતાધિકાર છે.
૩. બંધારણ સભાના અધ્યક્ષ________________ હતા.
૪. સંયુક્ત યાદીમાં ________________જેટલા વિષયોનો સમાવેશ થાય છે.

• **નીચે અપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

૧. બંધારણ સભામાં કુલ કેટલા સભ્યો હતા.

(a) 389 (b) 545 (c) 250 (d) 166

૨. ભારતનું બંધારણ ક્યારે અમલમાં આવ્યું.

(a) 26નવેમ્બર 1949 (b) 26 જાન્યુઆરી 1950 (c) 15 ઑગસ્ટ 1949 (d) 9 ડિસેમ્બર 1946

૩. સંઘયાદીમાં કેટલા વિષયો સમાવિષ્ટ છે.

(a) 66 (b) 47 (c) 97( d) 87

૪. ભારતમાં નાગરિકોના મતાધિકાર માટે કેટલા વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે.

(a) 16 (b) 20 (c) 8 (d) 21

• **નીચેના વિધાનો સમજાવો.**

૧.આમુખ ભારતીય બંધારણનો અર્ક છે.

૨.આમુખએ હોકાયંત્રની ગરજ સાએ છે.

• **ટૂંકમાં જવાબ આપો.**

૧. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર એટલે શું ?

૨. લોકશાહી એટલે શું ?

૩.સંસદીય પધ્ધતિની સરકારના લક્ષણો જણાવો.